**માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

**ક્રમાંક:૪**

# સરકારી વિધેયક સંબંધમાં રીત
# વિધેયક દાખલ કરવા બાબત

**પ્રભારી મંત્રી :** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલા સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક: **૭** સન **૨૦૨૪**ના **ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક**ને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષ :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

## પહેલું વાંચન

**પ્રભારી મંત્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક: **૭** સન **૨૦૨૪**ના **ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક**નું પહેલું વાંચન કરવામાં આવે.

**અધ્યક્ષ :** પ્રસ્તાવ એ છે કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક: **૭** સન **૨૦૨૪**ના **ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક**નું પહેલું વાંચન કરવામાં આવે.

**(પ્રભારી મંત્રીશ્રી અને અન્ય સભ્યશ્રીઓ ત્યાર પછી પોતાનાં વક્તવ્યો કરે છે.)**

**(૧) પ્રભારી મંત્રીશ્રી**

**(૨) સભ્યશ્રી (કોંગ્રેસ)**

**(૩) સભ્યશ્રી (ભા.જ.પ)**

**(૪) સભ્યશ્રી (કોંગ્રેસ).......................................**

**(અંતમાં પ્રભારી મંત્રીશ્રી ચર્ચાનો જવાબ આપે છે.)**

**અધ્યક્ષ :** હવે હું, પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક **: ૭** નું પહેલું વાંચન કરવામાં આવે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે છે.

## બીજું અને કલમવાર વાંચન

**પ્રભારી મંત્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છુ કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક **: ૭** નું બીજું વાંચન કરવામાં આવે.

## બીજા વાંચનના પ્રસ્તાવ પર સુધારા આવ્યા ન હોય તો

**અધ્યક્ષ :** હવે હું, પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક **: ૭** નું બીજું વાંચન કરવામાં આવે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે છે.

(ત્યારબાદ વિધેયકનું કલમવાર વાંચન કરવામાં આવે છે.)

## કલમો ઉપર સુધારા આવ્યા ન હોય તો

**(સુધારા આવ્યા ન હોય ત્યારે કલમ-૨ થી છેલ્લી કલમ સુધીની બધી કલમો, અનુસૂચિઓ તેમજ કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા પર, એક સાથે અને એ જ ક્રમમાં નીચે મુજબ મત લેવામાં આવે છે.)**

**અધ્યક્ષ :** પ્રશ્ન એ છે કે **કલમ-૨ થી ૮**, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકના ભાગ તરીકે રહે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરુદ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. **કલમ-૨ થી ૮**, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકના ભાગ તરીકે રહે છે.

## ત્રીજું વાંચન

**પ્રભારી મંત્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છુ કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક **: ૭** નું ત્રીજું વાંચન કરવામાં આવે.

**અધ્યક્ષ :** પ્રસ્તાવ એ છે કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક **: ૭** નું ત્રીજુ વાંચન કરવામાં આવે.

## ત્રીજા વાંચન પર સુધારા આવ્યા ન હોય તો

**(ત્રીજા વાંચનના પ્રસ્તાવ પર કોઈ સભ્યશ્રીએ વકતવ્ય કરવું હોય તો તેવું વકતવ્ય થઈ ગયા પછી અને પ્રભારી મંત્રીશ્રીએ જવાબ આપ્યા પછી પ્રસ્તાવ મત માટે મુકવામાં આવે છે.)**

**અધ્યક્ષ :** હવે હું, પ્રસ્તાવ મત માટે મૂકીશ, પ્રશ્ન એ છે કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક **: ૭** નું ત્રીજું વાંચન કરવામાં આવે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરૂદ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**NEXT**